અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે કલેક્ટર સમક્ષ ટાસ્ક ફોર્સ અને કાઉન્સેલિંગ સેલની ઉગ્ર માંગ કરી

# આણંદ જિ.માં વિદ્યાર્થીઓના વધતા આત્મહત્યાના બનાવો સામે ઉગ્ર રોષ

**શાળાઓમાં** માનસિક સ્વાસ્થ્ય માટે કાયમી વ્યવસ્થા ઊભી કરવા અને વાલીઓ માટે કાઉન્સેલિંગ શિબિરો યોજવા રજૂઆત

(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદ જિલ્લામાં વિદ્યાર્થીમાં વધી રહેલા આત્મહત્યાના ગંભીર બનાવોને રોકવા અને વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની સુરક્ષા માટે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા શુક્રવારે જિલ્લા કલેક્ટરને



આવેદનપત્ર પાઠવી તાત્કાલિક પગલાં ભરવા રજૂઆત કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં વિદ્યાર્થીઓના આત્મહત્યાના 3થી 4 જેટલા ગંભીર બનાવો પ્રકાશમાં આવતા સમગ્ર શિક્ષણ જગતમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

આણંદમાં એબીવીપી દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ઉચ્ચ શિક્ષણ માટે જે રીતે 'નેશનલ ટાસ્ક ફોર્સ' (NTF) ની રચના કરવામાં આવી છે, તેવી જ રીતે જિલ્લા સ્તરે પણ શાળાઓ માટે એક વિશેષ ટાસ્ક ફોર્સ બનાવવી જોઈએ. આ ટાસ્ક ફોર્સમાં માનસશાસ્ત્રીઓ, સમાજસેવકો, શિક્ષણવિદો અને વહીવટી અધિકારીઓનો સમાવેશ કરી વિદ્યાર્થીઓના તણાવના કારણો અને તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવવા આગ્રહ કરવામાં આવ્યો છે. દરેક શાળામાં 'કાઉન્સેલિંગ સેલ' ફરજિયાત કરવા રજૂઆત આવેદનપત્રમાં મુખ્ય પાંચ માંગણીઓ પર ભાર મૂકવામાં આવ્યો છે, જેમાં દરેક શાળામાં ફરજિયાત કાઉન્સેલિંગ સેલ ઊભો કરવો, વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અંગે સંસ્થાગત સર્વે હાથ ધરવો અને શાળાઓમાં સમયાંતરે તણાવ મુક્તિ માટેના વર્કશોપ યોજવાનો સમાવેશ થાય છે. માત્ર વિદ્યાર્થીઓ જ નહીં, પણ તેમના માતા-પિતા પણ બાળકોના માનસિક સ્વાસ્થ્યને સમજી શકે તે માટે ખાસ પરામર્શ શિબિરો યોજવાની માંગ પણ ABVP દ્વારા કરવામાં આવી છે.

### વિદ્યાર્થીની આત્મહત્યા એ સામાજિક અભિશાપ

આણંદ જિલ્લા સંયોજક તિલક પટેલે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવતા આવા અંતિમ પગલાં એ માત્ર સમાચાર નથી પણ એક સામાજિક અભિશાપ છે. જો અત્યારે વહીવટી તંત્ર દ્વારા સંવેદનશીલ બનીને નક્કર પગલાં નહીં લેવામાં આવે, તો આગામી સમયમાં સ્થિતિ વધુ વણસી શકે છે. એબીવીપીએ કલેક્ટરને એક અધિકારી તરીકે નહીં પણ 'અભિભાવક' તરીકે આ વિષયમાં અંગત રસ લઈ તાત્કાલિક અસરકારક વ્યવસ્થા ઊભી કરવા વિનંતી છે.

# વીરપુર ભાજપ યુવા મોરચા પ્રમુખનો આતંક: યુવક પર હિંસક હુમલો કર્યો

**'ડોન'** બનવાની ઘેલછામાં નિર્દોષોને રંજાડતી ટોળકી સક્રિય

(પ્રતિનિધિ) વીરપુર તા.5

વીરપુર તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ દિગ્વિજય ઉર્ફે ડીગા અને તેની ટોળકીએ માંડલીયા ગામના યુવકને નિશાન બનાવી લોખંડના સળિયા અને લાકડાના દંડા વડે જીવલેણ હુમલો કરતા સમગ્ર પંથકમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. રાજકીય વગ ધરાવતી આ ટોળકી દ્વારા નિર્દોષ લોકો પર રોફ જમાવી પોતાનો ખૌફ ઊભો કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ ગંભીર હુમલામાં ઘવાયેલા યુવકની હાલત નાજુક હોવાથી તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

આ ઘટનાની વિગત મુજબ, નૂરપુર ચોકડી પાસે જયપાલસિંહ પરમારને પાણીમાં કંઈક મેળવી પીવડાવી દેતા તેઓ બેભાન જેવા થઈ ગયા હતા. તેમને લેવા આવેલા તેમના ભાઈ જીજ્ઞેશની ગાડી પર દિગ્વિજય અને તેના ચાર સાગરીતોએ હુમલો કરી કાચ તોડી નાખ્યા હતા. બાદમાં 'સીમકાર્ડ કેમ આપ્યું' તેમ કહી જીજ્ઞેશને ગાળો આપી, માથા અને પગના ભાગે સળિયાના ફટકા મારી જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી. હુમલો કર્યા બાદ આ ગુંડા તત્વો જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. આ મામલે વીરપુર પોલીસે દિગ્વિજયભાઈ ચતુરભાઈ રાઠોડ (પ્રમુખ, યુવા મોરચા), પકો (રહે. લીંબરવાળા), યુવરાજસિંહ હિમતસિંહ ઠાકોર, પ્રવીણ (રહે. બાર) અને રાહુલ સામે ગુનો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ કહેવાતી ગેંગ અગાઉ પણ વિવાદોમાં રહી છે. થોડા દિવસો પહેલા જ ડેભારી ચોકડી પાસે રાજસ્થાનના એક યુવકને પણ આ ટોળકીએ માર માર્યો હતો અને તેને ધમકાવીને ફરિયાદ કરતા રોક્યો હોવાનું સામે આવ્યું છે. સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે કે કોઈ મોટા ગજાના નેતાના આશીર્વાદ વગર આ પ્રકારની ગુંડાગરદી શક્ય નથી. આથી, પક્ષ દ્વારા તાત્કાલિક પગલાં ભરવા માંગ ઉઠી છે.

# વીરપુરમાં સાયબર ઠગોને એકાઉન્ટ આપતાં બે ઝબ્બે

**મ્યુલ એકાઉન્ટ** સામેની ઝુંબેશમાં ચાર ખાતા શંકાસ્પદ રીતે પકડી પાડ્યા હતા

(પ્રતિનિધિ) વીરપુર તા.6

વીરપુર પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર. ડી. પટેલે ડિસેમ્બર માસમાં ચાર શંકાસ્પદ મ્યુલ એકાઉન્ટ સંદર્ભે ગુનો નોંધ્યો હતો. આ ચાર એકાઉન્ટના એનાલીસીસમાં અલગ અલગ રાજ્યમાંથી 22મી ડિસેમ્બર,2024થી ડિસેમ્બર,2025 દરમિયાન સાયબર ક્રાઈમથી થયેલી ઠગાઈના નાણા હેરફેર થયાં હોવાનું જણાયું હતું. ત્રણ રાજ્યના સાયબર ફ્રોડના રૂ.14,31,650ની ઓનલાઈન છેતરપિંડી ખુલી હતી.

સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પોલીસ ઈન્સ્પેક્ટર વી.ડી. ધોરડાને ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારો મારફતે ચોક્કસ માહિતી મળી હતી કે આ કેસમાં સંડોવાયેલા શખસો હાલ અમદાવાદમાં હોવાની સંભાવના છે. આ બાતમીના આધારે એસઓજીની ટીમ દ્વારા અમદાવાદમાં અલગ-અલગ સ્થળોએ તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન અમદાવાદના વટવા GIDC વિસ્તારમાં રહેતા પોપટસિંહ જેસીંગભાઇ પરમાર (મૂળ રહે. મરવાડા, તા. વિરપુર) અને વસ્ત્રાલના નર્મદા એપાર્ટમેન્ટમાં રહેતા ગૌરાંગભાઇ મુકેશભાઇ સોનીને તેમના નિવાસસ્થાનેથી ઝડપી પાડવામાં આવ્યા હતા. આ બંનેને હસ્તગત કરી આગળની કાર્યવાહી કરવા માટે વીરપુર પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

ખેડા જિલ્લાના બે સ્થાનિક દિગ્ગજો વચ્ચે ખરાખરીનો જંગ

# ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી :વકીલોનો ભારે ઉત્સાહ

**નડિયાદ,** વસો અને કપડવંજ મથકોએ શાંતિપૂર્ણ મતદાન



(પ્રતિનિધિ) નડિયાદ તા.6

ગુજરાત બાર કાઉન્સિલની પ્રતિષ્ઠાભરી ચૂંટણી માટે શુક્રવારે ખેડા જિલ્લામાં નડિયાદ સહિત વિવિધ મથકોએ વકીલોએ ભારે ઉત્સાહ સાથે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જિલ્લાના કુલ 1076 નોંધાયેલા વકીલ મતદારો માટે ત્રણ મુખ્ય કેન્દ્રો પર મતદાનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વખતની ચૂંટણીમાં જિલ્લાના જ બે મજબૂત પ્રતિનિધિઓ મેદાનમાં હોવાથી સ્થાનિક સ્તરે આ જંગ પ્રતિષ્ઠાનો વિષય બન્યો છે.

નડિયાદ કોર્ટ સંકુલના બાર એસોસિએશન હોલ ખાતે સવારે 10 વાગ્યાથી જ મતદાન પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થયો હતો. વકીલોએ શિસ્તબદ્ધ રીતે લાઈનમાં ઉભા રહીને મતદાન કર્યું હતું, જેમાં ખાસ કરીને યુવા વકીલોમાં વિશેષ ઉત્સાહ અને જાગૃતિ જોવા મળી હતી. નડિયાદ ઉપરાંત વસો અને કપડવંજ તાલુકા મથકોએ પણ મતદાન પ્રક્રિયા સુચારુ અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

આ ચૂંટણીમાં ખેડા જિલ્લાનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે, કારણ કે કપડવંજના રવિભાઈ ત્રિવેદી અને નડિયાદ બાર એસોસિએશનના પ્રમુખ કિરીટભાઈ બારોટ એમ બે જાણીતા પ્રતિનિધિઓ ચૂંટણી લડી રહ્યા છે. પોતાના જ જિલ્લાના ઉમેદવારો મેદાનમાં હોવાથી વકીલ આલમમાં ભારે ઉત્તેજના અને ચહલપહલ જોવા મળી હતી. મતદાન મથકોની બહાર સમર્થકોની ભીડ જામી હતી અને સમગ્ર વાતાવરણ લોકશાહીના પર્વ જેવું ભાસતું હતું. મતદાન પૂર્ણ થયા બાદ હવે તમામની નજર આગામી પરિણામો પર ટકેલી છે. જે ચર્ચાનો વિષય બન્યો છે.

### કપડવંજમાં બાર કાઉન્સિલની ચૂંટણીમાં 84 વર્ષીય વરિષ્ઠ વકીલનું મતદાન

ગુજરાત રાજ્ય બાર કાઉન્સિલની ચૂંટણીમાં કપડવંજ અને કઠલાલ



બાર એસોસિએશનના વકીલોએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું. આ લોકશાહીના પર્વમાં 84 વર્ષીય વરિષ્ઠ વકીલ રશ્મિકાંત ત્રિવેદી વ્હીલચેર પર આવીને મતદાન કરી આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં. તેમણે શારીરિક અશક્ત હોવા છતાં મતદાન મથકે પહોંચી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. વરિષ્ઠ વકીલની આ નિષ્ઠા અને ફરજ પરાયણતાએ ત્યાં હાજર તમામ યુવા વકીલો માટે એક ઉત્તમ ઉદાહરણ અને પ્રેરણા પૂરી પાડી હતી.

### આણંદમાં ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ઉત્સાહભેર મતદાન



ગુજરાત બાર કાઉન્સીલની 23 બેઠકો માટે 99 ઉમેદવારો વચ્ચે આજે સવારથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મતદાન પ્રક્રિયા શરૂ થઈ છે. આણંદ જિલ્લામાં નોંધાયેલા 1883 મતદારો દ્વારા બેલેટ પેપરથી મતદાન કરવામાં આવી રહ્યું છે, જેમાં બપોર સુધીમાં મધ્યમ પ્રતિસાદ જોવા મળ્યો છે. એક મતદારને 23 મતો આપવાના હોવાથી પ્રક્રિયા ધીમી ચાલી રહી છે, જેમાં 18 પુરુષો અને 5 મહિલા અનામત બેઠકોનો સમાવેશ થાય છે. આ ચૂંટણી બાદ 25 સભ્યોની બોડી (2 મહિલા વકીલોના કો-ઓપ્શન સાથે) ચેરમેન અને વાઈસ ચેરમેન સહિતની વિવિધ કમિટિઓની વરણી કરશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સરદાર પટેલ યુનિવર્સિટીમાં 'મટિરિયલ્સ સાયન્સ' પર નેશનલ કોન્ફરન્સ યોજાઇ



**આણંદ |** એસ.પી. યુનિવર્સિટીના ફિઝિક્સ અને મટિરિયલ સાયન્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરાયું હતું. જેમાં મુખ્ય અતિથિ ડો. આર. વી. જસરાએ નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રે નવા મટિરિયલ્સના મહત્વ અને ઔદ્યોગિક ઉપયોગિતા વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ કોન્ફરન્સમાં 129 નોંધાયેલા સહભાગીઓએ ભાગ લીધો હતો, જેમાં સંશોધકો દ્વારા 61 જેટલા વિવિધ વિષયો પર પોસ્ટર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યાં હતાં. કુલપતિ પ્રો. નિરંજન પટેલની પ્રેરણાથી યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ સંશોધન રજૂ કરનાર વિદ્યાર્થીઓને ઇનામો અને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરાયાં હતાં.

### આણંદ કૃષિ યુનિ. ખાતે જૈવિક નિયંત્રકોના ઉત્પાદન અંગે ચાર દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી અને BCI દ્વારા આયોજિત તાલીમમાં વિવિધ રાજ્યોની એનજીઓના 26 પ્રતિનિધિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નિષ્ણાત વૈજ્ઞાનિકો દ્વારા તાલીમાર્થીઓને ટ્રાઇકોકાર્ડ, ક્રાયસોપર્લા અને વિવિધ જૈવિક કીટનાશકોના મોટા પાયા પર ઉત્પાદનની પ્રાયોગિક સમજ અપાઈ હતી. મુખ્ય સંશોધન વૈજ્ઞાનિક ડો. એન.બી. પટેલે કપાસના પાકમાં નુકસાનકારક જીવાતોના જૈવિક નિયંત્રણ અને પરભક્ષી કીટકોના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. યુનિટ અધિકારી ડો. કે.સી. પટેલે તાલીમાર્થીઓને આ જ્ઞાન ખેડૂતો સુધી પહોંચાડી રસાયણમુક્ત ખેતી અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ચારુસેટ ખાતે 'ભારતીય જ્ઞાન પ્રણાલી અને NEP 2020' વિષય પર આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો




**આણંદ |** ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના CLASS વિભાગ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'વિકસિત ભારત 2047' ના લક્ષ્ય સાથે એક દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડો.) ટી. એસ. જોશી સહિત વિવિધ યુનિવર્સિટીઓના શિક્ષણવિદોએ ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ પરિસંવાદમાં નિષ્ણાત વક્તાઓ દ્વારા ભારતીય ઉચ્ચ શિક્ષણમાં નવીનતાઓ, ડિજિટલ પરિવર્તન અને ભારતીય જ્ઞાન પરંપરા જેવા વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ 556 જેટલા પ્રતિનિધિઓએ ઓનલાઇન અને ઓફલાઇન માધ્યમથી જોડાયાં હતાં.

### આણંદ શહેરની એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજમાં રાષ્ટ્રીય સેમિનાર યોજાયો



**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ ખાતે સોશિયલ વર્ક વિભાગ, રુસા અને કેસીજીના સંયુક્ત ઉપક્રમે 'ઇન્ડિયનાઈઝેશન ઓફ પ્રોફેશનલ સોસ્યલ વર્ક: અ વે ફોરવર્ડ' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી થયો હતો, જેમાં આચાર્ય ડો. એમ. કે. ચૌધરીએ મહેમાનોનું સ્વાગત કર્યું અને સેમિનારના સંયોજક ડો. અશ્વિન પટેલે વિષયની વિસ્તૃત ભૂમિકા રજૂ કરી હતી. અતિથિ વિશેષ પ્રો. મગનભાઈ પરમારે સામુદાયિક વિકાસમાં ભારતીય જ્ઞાન પરંપરાનું મહત્વ સમજાવ્યું હતું. આ સેમિનારમાં પંજાબી યુનિવર્સિટીના પ્રો. ડી.પી. સિંઘ સહિત વિવિધ યુનિવર્સિટીઓના નિષ્ણાતો વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા રહ્યાં હતાં.

### બીવીએમ એન્જિનિયરિંગ કોલેજમાં 'જનરેટિવ અને એજન્ટિક AI' પર વિશેષ વ્યાખ્યાન યોજાયું




**આણંદ |** ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે 'જનરેટિવ અને એજન્ટિક એઆઈ'ના ઉદ્યોગ દૃષ્ટિકોણ વિષય પર નિષ્ણાત વ્યાખ્યાન યોજાયું હતું. આ પ્રસંગે ટીસીએસ, હૈદરાબાદના નિષ્ણાતોએ આધુનિક AI ટેક્નોલોજી દ્વારા ઉદ્યોગ, સંશોધન અને શિક્ષણ ક્ષેત્રે આવનારા ક્રાંતિજનક પરિવર્તનો વિશે માર્ગદર્શન આપ્યું હતું. પ્રિન્સિપાલ ડો. વિનય પટેલે આ ટેક્નોલોજીને શિક્ષણ અને ઉદ્યોગમાં વ્યાપક પરિવર્તન ગણાવ્યું હતું.

### સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ ખાતે HPV રસીકરણ અભિયાન અંતર્ગત વાલી મિટિંગ યોજાઈ




**આણંદ |** રાષ્ટ્રવ્યાપી એચપીવી રસીકરણ અભિયાનના ભાગરૂપે ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલીત સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ, ખેતીવાડી આણંદ ખાતે એક વિશેષ કાર્યક્રમ અને વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગર્ભાશયના મુખના કેન્સર સામે રક્ષણ આપતી આ રસીના મહત્વ અને તેના ફાયદાઓ વિશે વાલીઓને તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી. શાળાની કુલ 117 વિદ્યાર્થીનીઓને આ રસીકરણનો લાભ મળનાર છે. આ પ્રસંગે શાળાના આચાર્ય યોગેશભાઈ પટેલે કિશોરીઓના સ્વાસ્થ્ય સુરક્ષાના આ અભિગમને બિરદાવી જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

### આણંદની વીઝેડ પટેલ કોમર્સ કોલેજ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત વિ. ઝેડ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે એક વિશેષ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી કેતનકુમાર પી. પટેલના માર્ગદર્શન હેઠળ સોસાયટી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટી વચ્ચે થયેલા કરાર અંતર્ગત વિદ્યાર્થીઓને આ પ્રવાસનો લાભ મળ્યો હતો. આ પ્રવાસ કાર્યકારી આચાર્યા ડો. ભારતીબેન રાજના પ્રોત્સાહન અને અધ્યાપકગણના સહયોગથી યોજાયો હતો. આ પ્રવાસના અનુસંધાને કોલેજમાં નિબંધ અને વક્તૃત્વ જેવી સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

### કપડવંજમાં 'વોકલ ફોર લોકલ' અંતર્ગત સ્વદેશી મેળાનું ભવ્ય આયોજન કરાયુ



**કપડવંજ |** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ' અને 'સ્વદેશી અપનાવો' ના સંકલ્પને સાકાર કરવા કપડવંજ નગરપાલિકા દ્વારા વિશેષ મેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળા દ્વારા સ્થાનિક ઉદ્યોગો, હસ્તકલા અને કારીગરોને પ્રોત્સાહન આપી 'આત્મનિર્ભર ભારત'ના વિચારને વધુ વેગ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પ્રસંગે કપડવંજ-કઠલાલના ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા, નગર પ્રમુખ વર્ષાબેન પંચાલ અને ભાજપ સંગઠનના હોદ્દેદારોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં શહેરીજનોએ આ આયોજનમાં સહભાગી થઈને સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહિત કર્યાં હતાં.

### આતરસુંબા ગામે ભક્તિભાવ સાથે હોલિકા દહન અને પ્રસાદ વિતરણ કરાયું



**કપડવંજ |** આતરસુંબા ગામે અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમાન હોલિકા દહનનો કાર્યક્રમ ગ્રામ પંચાયતના સહયોગથી હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો. આ અવસરે ડેપ્યુટી સરપંચ મેહુલ પરીખ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ કર્યા બાદ દરેક દર્શનાર્થીને અંદાજે 300થી વધુ ખજૂર-ધાણીના પેકેટનો પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલનમાં સરપંચ નીતાબેન સંજયભાઈ પટેલ અને ગ્રામ પંચાયતના તમામ સદસ્યોએ સક્રિય અને પ્રશંસનીય સહયોગ આપ્યો હતો. ગ્રામજનોએ ભક્તિભાવપૂર્વક હોલિકા દહનની ઉજવણી કર્યા બાદ હવે પરંપરાગત રંગોના પર્વ ધુળેટીની ઉજવણીની તૈયારીઓ કરી છે.

### કપડવંજની બે દીકરીઓ PSI બનતા 'સાવિત્રીબાઈ ફૂલે મહિલા સંગઠન' દ્વારા ભવ્ય સન્માન કરાયું



**કપડવંજ |** કપડવંજ તાલુકાના કાવઠ ગામની પરમાર પરિવારની બે દીકરીઓ શીતલ અને તમન્નાએ એકસાથે PSI પરીક્ષા પાસ કરી સમગ્ર ખેડા જિલ્લા અને સમાજનું ગૌરવ વધાર્યું છે. આ ઐતિહાસિક સફળતા બદલ 'સાવિત્રીબાઈ ફૂલે મહિલા સંગઠન' દ્વારા બંને બહેનોનું શાલ ઓઢાડી અને ડો. આંબેડકર તથા માતા સાવિત્રીબાઈ ફૂલેની પ્રતિમા આપી સન્માન કરાયું હતું. આ પ્રસંગે સંગઠનના પન્નાબેન પરમાર 'ભગિની' સહિત અન્ય મહિલા અગ્રણીઓએ ઉપસ્થિત રહી દીકરીઓને પુષ્પગુચ્છ અર્પણ કરી ઉજ્વળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

### કપડવંજ સ્પંદન બાલમંદિરમાં હોળી-ધુળેટીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરમાં હોળી અને ધુળેટીના તહેવારોની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને હોળીના પર્વનું મહત્વ સમજાવી, અધર્મ પર ધર્મના વિજયનો સંદેશ આપવામાં આવ્યો હતો. ધુળેટીના દિવસે ભૂલકાઓએ કેસુડાના પ્રાકૃતિક પાણી અને રંગોથી એકબીજાને રંગીને ઉત્સાહભેર પર્વનો આનંદ માણ્યો હતો. સમગ્ર બાલમંદિરમાં રંગબેરંગી વાતાવરણ વચ્ચે પરંપરાગત રીતે ઉજવણી થઈ હતી.